# સગપણ ફરજ : કુટુંબમાં સંયુકતતાની ભાવના ટકાવી રાખતું મહત્વનું પરિબળ (આદિવાસી સમાજના સંદર્ભમાં)

**પ્રા.ડૉ. જીજ્ઞેશ પંડયા**
**સમાજશાસ્ત્ર વિભાગ**
**ગુજરાત આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ(સાંજની) અમદાવાદ**

દરેક વ્યકિત સમાજમાં અસ્તિત્વ ધરાવતા વિવિધ જૂથોમાં પોતાનું મોટાભાગનું જીવન જીવે છે. જેવા કે પડોશજૂથ, મિત્રજૂથ, ગામ, શહેર, કામદાર મંડળ, શિક્ષક સંઘ વિગેરે. ચાર્લ્સ કૂલેએ સમાજમાં અસ્તિત્વ ધરાવતા આવા જૂથોને બે ભાગમાં વર્ગીકૃત કર્યા છે. પ્રાથમિક જૂથ અને ગૌણ(દ્વૈતિયિક) જૂથ. કુટુંબ, મિત્રજૂથ, પડોશજૂથ, ગ્રામ સમુદાય જેવા જૂથોને કૂલેએ પ્રાથમિક જૂથ ગણાવ્યા છે. કે જે માનવ પ્રકૃતિના ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ જૂથોમાં પણ પ્રાથમિક જૂથ તરીકે કુટુંબ વ્યકિતના જીવનમાં સવિશેષ મહત્વ ધરાવે છે. કારણ કે સમાજની દરેક વ્યકિત કુટુંબમાં જન્મે લે છે, તેનો ઉછેર કુટુંબમાં થાય છે. કુટુંબના સભ્યોના સહવાસમાં વ્યકિત જીવનનો મોટાભાગનો સમય પસાર કરે છે. પરિણામે સમાજની દરેક વ્યકિતના જીજન પર કુટુંબનો પ્રભાવ વધું હોય છે.

વર્તમાન સમયમાં વ્યકિતના ઉછેર, સમાજીકરણ અને મનોરંજનની જરૂરીયાતો સંતોષતી અનેક વૈકલ્પીક વ્યવસ્થાઓ ઉદ્દભવી છે. સાથે સાથે કુટુંબ રચના તોડતા અનેક પરિબળો પણ અસ્તિત્વમાં આવ્યા છે. છતાં કુટુંબ ટકી રહયું છે. જે કુટુંબ વર્તમાન સમયમાં પણ કાર્યાત્મક હોવાનું સૂચવે છે. એ બાબતમાં પણ નિર્વિવાદ છે કે વર્તમાન સમયમાં અનેક વૈકલ્પીક જૂથો ઉદભવ્યા હોવા છતાં કોલપણ જૂથ કુટુંબનું સ્થાન લઈ શકે તેવી સ્થિતિમાં નથી.

કુટુંબની આવી પ્રસ્તુતતા અને કાર્યાત્મકતાને ધ્યાનમાં રાખી અનેક સમાજશાસ્ત્રીઓએ કુટુંબના સમાજશાસ્ત્રીય અભ્યાસોને મહત્વના ગણાવ્યા છે. વ્યકિતગત અને સમૂહજીવનમાં કુટુંબના મહત્વનો સ્વીકાર કરી આઈ.પી.દેસાઈએ કુટુંબના રચનાતંત્ર અને કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધોને વૈજ્ઞાનિક રીતે સમજવા કુટુંબ અંગેના સમાજશાસ્ત્રીય સંશોધનોને અત્યંત જરૂરી ગણાવ્યા છે[૧]. એ.એમ.શાહે પણ જ્ઞાતિ, ગામ અને સંયુકત કુટુંબને ભારતીય સમાજના મૂળભૂત રચનાતંત્રો ગણાવી સંયુકત કુટુંબ પરના સંશોધનોને વધું મહત્વ આપ્યું છે. તેમના મતે સંયુકત કુટુંબને સમજયા વિના ભારતીય સમાજને સમજી શકાય નહીં[૨]. આમ ગુજરાતના અગ્રણી ગણી શકાય તેવા આ બન્ને સમાજશાસ્ત્રીઓએ કુટુંબ અંગેના વૈજ્ઞાનિક સંશોધનો કરવા પર ભાર મુકયો છે. એટલુંજ નહીં તેમણે પોતે પણ અભ્યાસો કરી ભારતીય સમાજવ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કર્યો છે. આઈ.પી દેસાઈએ સૌરાષ્ટ્રમાં ભાવનગરથી ૬૦ માઈલના અંતરે વસેલ મહુવા

નગરમાં વસતા કુટુંબોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરી સંયુકત કુટુંબનો અભ્યાસ કર્યો છે. એવીજ રીતે એ એમ શાહે ખેડા જિલ્લાના માતર તાલુકામાં આવેલ રાધવણજ ગામમાં કુટુંબોની વસવાટની તરાહને સમજવા અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત કે કે.એક.કાપડીયા, એમ.એસ.ગોરે વિગેરે સમાજશાસ્ત્રીઓએ પણ સંશોધન કરી ભારતમાં અસ્તિત્વ ધરાવતી સંયુકત કુટુંબ વ્યવસ્થાને સમાજશાસ્ત્રીય રીતે સમજવા–સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ઉપરોકત સમાજશાસ્ત્રીઓએ કરેલ કુટુંબ અંગેના સમાજશાસ્ત્રીય સંશોધનો નવી પેઢીનું આ ક્ષેત્રે ઘડતર કરવામાં માર્ગદર્શકરૂપ બની શકે તેમ છે.

અહીં પ્રસ્તુત લેખમાં આપણે આઈ.પી.દેસાઈના મહુવાના કુટુંબના અભ્યાસને નમુનાને આધારે સિધ્ધરાજ સોલંકી, ગૌરીશંકર પંડયા, વિદ્યુત જોષી, સત્યકામ જોષી, કૈલાસ વ્યાસ, અરવિંદ ભટ્ટ, ભરત વસૈયા વિગેરે જુદા જુદા સમાજશાસ્ત્રીઓએ કરેલ ગુજરાતની વિભિન્ન આદિવાસી જાતિઓના કુટુંબ વ્યવસ્થાના અભ્યાસોને તપાસવાનો પ્રયત્ન કરીશું. અને તેને આધારે આદિવાસી કુટુંબમાં સંયુકતતાનું વિષ્લેષણ કરીશું.

ગુજરાતમાં અરવિંદ ભટ્ટ, ઘનશ્યામ શાહ, ગૌરીશંકર પંડયા, સિધ્ધરાજ સોલંકી, વિદ્યુત જોષી, સત્યકામ જોષી વિગેર સમાજશાસ્ત્રીઓએ અનુક્રમે જુદી જુદી આદિવાસી જાતિઓ જેવી કેચૌધરી, વારલી, ગરાસીયા, ડુંગરી ભીલ, ગામીતની સમગ્ર કુટુંબ રચના કે તેના કોઈ પાંસાનો અભ્યાસ કરી કુટુંબનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કર્યું છે. આવા અભ્યાસો ગુજરાતમાં વસતા આદિવાસી સમાજમાં કુટુંબ રચનાનું સ્વરૂપ કેવું છે તે દર્શાવે છે.

**(૧) નિવાસ–**

અન્ય સમાજોની જેમ આદિવાસી સમાજમાં પણ વિભકત નિવાસનું પ્રમાણ વધ્યું છે. વલસાડ જિલ્લાની વારલી જાતિના અભ્યાસમાં ઘટયું છે અને વિભકત નિવાસ કુટુંબોનું પ્રમાણ વધ્યું છે. વલસાડ જિલ્લાની વારલી જાતિના અભ્યાસમાં **ગૌરીશંકર પંડયા**ને માત્ર ૩૭.૫% ટકા કુટુંબો જ સંયુકત નિવાસમાં વસતા જોવા મળ્યા હતા[3]. જે એમ દર્શાવે છે કે અન્ય સમાજોની જેમ આદિવાસી સમાજમાં પણ વિભકત નિવાસ કુટુંબોનું પ્રમાણ વધ્યું છે.

**(૨) સંયુકત મિલકત –**

આઈ.પી.દેસાઈએ મહુવા નગરના કુટુંબના અભ્યાસમાં સંયુકત કુટુંબની કરોડરજ્જુ સમાન **સંયુકત મિલકત**નું લક્ષણ પણ તુટયું હોવાનું નોંધ્યું અને તે માટે તેમણે અન્ય પરિબળોની સાથે સાથે કાયદાને જવાબદાર ગણાવ્યો છે. આદિવાસી સમાજના સંદર્ભમાં જોઈએતો વસ્તીવધારો અને વારસામાં

જમીન આપવાની પ્રથા જેવા પરિબળો મિલકતની વિભકતતા માટે જવાબદાર રહયા છે. ગામીત જાતિના લોકો સીમાંત ખેડુત હોવાથી તેમની પાસે જમીન ખૂબ ઓછી છે. આ જમીન વારસામાં આપવાની પ્રથાને કારણે તેના નાના ટુકડા થાય છે. વસ્તી વધતા જમીન વધું નાના ટુકડાઓમાં વહેંચાય છે. તેને કારણે કુટુંબની સંયુકતા ટકાવી રાખતી સહિયારી મિલકત નાશ પામી છે[4].

**(૩)સગપણ ફરજો–**

દરેક સમાજમાં જન્મ, લગ્ન, મૃત્યું જેવા સામાજિક પ્રસંગો અને વિવિધ આકસ્મીક પરિસ્થિતીઓમાં સંબંધીઓ પારસ્પારીક મદદની અપેક્ષા રાખે છે. આવી પારસ્પારીક મદદ કરવી એ દરેક સંબંધીની ફરજ ગણાય છે. પરંપરાગત સંસ્થીકૃત થયલી રીત પ્રમાણે મુશ્કેલીની પરિસ્થિતીમાં વ્યકિતએ સંબંધીની મદદ માંગવી જોઈએ અને સંબંધીએ પણ શકય હોય એટલી મદદ પણ કરવી જોઈએ. સંબંધીઓ વચ્ચે આવી પારસ્પારીક મદદની અપેક્ષાઓ સંતોષાય તો સગપણ સંબંધો મજબૂત બને છે. કુટુંબની સંયુકતતા પણ ટકી રહે છે. એવીજ રીતે પારસ્પારીક મદદની અપેક્ષાઓન સંતોષાય તો સગપણ સંબંધો નબળા પડે છે. કે જે સંયુકતતાની ભાવનાને શીથીલ બનાવી કુટુંબની સંયુકતતા તોડે છે, નબળી પાડે છે.

વર્તમાન સમયમાં કુટુંબમાં વસતા સંબંધીઓ વચ્ચેની પારસ્પારીક સગપણ ફરજો અને ભુમિકા અપેક્ષાઓ નબળી પડી છે, ઓટ આવી છે. જેને કારણે કુટુંબમાં વસતા સંબંધીઓ વચ્ચેનું સામાજિક અંતર વધ્યું છે અને કુટુંબની સંયુકતતા નબળી પડી છે. ગુજરાતમાં વસતા દુબળા, ચૌધરી આદિવાસીઓમાં કુટુંબમાં વસતા સભ્યો– સગાસંબંધીઓ વચ્ચે પારસ્પારીક અપેક્ષાઓ નબળી પડી છે. પારસ્પારીક અપેક્ષાઓના સંતોષમાં ઓટ આવી છે. તેને કારણે કેટલેક અંશે આદિવાસી કુટુંબોની સંયુકતતા નબળી પડી છે. વર્તમાન સમયમાં ચૌધરી જાતિમાં શિક્ષણ, આર્થિક વિકાસ અને બાહયસમાજ સાથેના વધેલ સંપર્કોને કારણે **વ્યકિતવાદ** વિકાસ્યો છે. જેણે સંબંધીઓ વચ્ચેની પારસ્પારીક અપેક્ષાઓ અને પરસ્પર મદદ કરવાની ભાવના નબળી પડી છે. જેને કારણે કુટુંબની સંયુકતતા નબળી પડી છે[5]. જુદી જુદી આદિવાસી જાતિના લોકો શહેરમાં વસ્યા છે. શહેરમાં વસતા કુટુંબના સભ્યોમાં પારસ્પારીક મદદ કરવાની ભાવના નબળી પડી છે. દુબળા જાતિના શહેરમાં વસતા કુટુંબના સભ્યો આર્થિક મુશ્કેલીની પરિસ્થિતીમાં પણ એક બીજાને મદદ કરતા ન હોવાનું કૈલાસ વ્યાસે પોતાના સુરત શહેરના અભ્યાસમાં નોંધ્યું છે[6]. જે તેમની વચ્ચેની પારસ્પારીક ફરજો નિભાવવાની ભાવના શિથિલ થઈ હોવાનું સૂચવે છે.

જંગલમાં વસતા આદિવાસી કુટુંબો મોટે ભાગે વન્ય પેદાશોના એકત્રીકરણ પર અને શિકાર કરી જીવન નિર્વાહ ગુજારે છે. પરંતું વર્તમાન સમયમાં વૃક્ષો કપાઈ જવાથી, જંગલ પેદાશ અને જંગલની જમીન

પર આદિવાસીઓનો અધિકાર ન રહેતા જીવનનિર્વાહના સાધનો જેવા કે વનપેદાશો, શિકાર માટે જરૂરી પશુપંખીઓની અછત ઉદભવી છે. આવી અછતની પરિસ્થિતીમાં કુટુંબના દરેક સભ્યએ ગમેતે રીતે પેટ ભરી લેવાની વ્યકિતગત મથામણ કરવી પડે છે. જેને લીધે કૌટુંબિક ભાવનાને નબળી પાડી છે તેમ **વિદ્યુત જોષી** પોતાના નર્મદા જિલ્લાના ધુમણા, અંત્રાસ, છાબરા ગામોમાં વસતા ડુંગરી ભીલ આદિવાસીઓના કરેલ નિરિક્ષણ પરથી પોતાનો મત આપે છે. જીવન નિર્વાહના સંઘર્ષને કારણે જ કુટુંબના સભ્યો ભૂખ લાગે ત્યારે અન્ય સભ્યથી ઉંધા ફરીને બેસીને જમી લે છે. આવા જીવન સંઘર્ષની પરિસ્થિતિમાં દરેક સભ્યનું ઘ્યાન પોતાના પર કેન્દ્રીત રહે છે. પરિણામે કુટુંબના સભ્યો પારસ્પારીક ફરજો કાળજીપુર્વક અને નિષ્ઠાપુર્વક બજાવી શકતા નથી[7].

છતાં હજુ પણ કેટલાક સંજોગો/ પરિબળોને કારણે કુટુંબમાં વસતા સભ્યો વચ્ચેની પારસ્પારીક સગપણ ફરજો અને સગપણ સંબંધો મજબૂત છે. હજુ પણ આદિવાસી સમૂહોમાં કુટુંબનુ કદ નાનું/ મર્યાદીત રહયું છે. આ ઉપરાંત સમુહ જીવન જીવવાની પ્રણાલીનો પ્રભાવને ટકી રહયો છે. તેને કારણે અન્ય સમાજોની તુલનામાં આદિવાસી કુટુંબમાં વસતા સભ્યો વચ્ચેના સંબંધો પ્રમાણમાં સહકારયુકત, સુમેળભર્યા, ઘનિષ્ઠ અને મજબુત રહયા છે. કુટુંબના સભ્યો/ સગાસંબંધીઓ સામાજિક, આર્થિક અને ધાર્મિક પ્રસંગોએ પારસ્પારીક ફરજો બજાવે છે, સગપણ સંબંધીઓ એકબીજાને મદદ કરે છે. જે કુટુંબની સંયુકતતાને ટકાવી રાખે છે, મજબુત બનાવે છે. વારલી જાતિમાં કુટુંબનું કદ નાનું છે. નાનું કદ હોવાને કારણે સભ્યો વચ્ચે સામાજિક નિકટતા વિકસે છે. પરિણામે વારલી કુટુંબમાં સભ્યો વચ્ચેના સંબંધો નિકટના, ગાઢ અને મજબુત છે. આ ઉપરાંત વર્તમાન સમયમાં પણ સામુહીક જીવન પ્રણાલી ટકી રહી હોવાથી સભ્યો આપમેળે પારસ્પારીક અપેક્ષાઓ અને ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવે છે. આર્થિક, સામાજિક અને ધાર્મિક પ્રસંગો/તહેવારોની ઉજવણીમાં પરસ્પર મદદ કરે છે. ખેતી માટે જરૂરી સાધનો જેવા કે હળ, કરબ, સમાર જે કુટુંબો પાસે નથી તેમને આપે છે. અનાજ દળવાની ઘંટી ન હોય તેવા કુટુંબો પડોશમાં વસતા કુટુંબના ઘરે જઈ અનાજ દળે છે. અથવા તેની ઘંટી પોતાના ઘરે લાવી અનાજ દળે છે. આ ઉપરાંત ઘર બનાવવામાં, ઘર સમારવામાં, ઘર માટેનું લાકડુ જંગલમાંથી લાવવામાં, ઢોર મરી જાયતો તેને નાખવા જવામાં જુદા જુદા કુટુંબના સંબંધીઓ પરસ્પર મદદ કરે છે. આવી પારસ્પારીક મદદ વારલી કુટુંબની સંયુકતતાને વધુ મજબુત બનાવે છે[8]. એજ રીતે ભીલ જાતિના કુટુંબમાં વસતા સંબંધીઓ સાથે મળીને ખત્રીપુજા કરે છે, સામાજિક–ધાર્મિક પ્રસંગો/ તહેવારોની ઉજવણી એકબીજાના સહકારથી કરે છે. તે અંગેના થતા ખર્ચમાં બધા સંબંધીઓ યથાશકિત ફાળો આપે છે. પુત્રન હોય તેવા સંબંધીના ઘરે પુત્ર જન્મે તે માટે સગાસંબંધીઓ

બાધા, માનતા રાખે છે. વિધુર કે વિધવા થયેલ સભ્યના પુનઃલગ્ન કરાવવા પ્રયત્નો કરે છે. સગપણ ફરજોનું આ પ્રકારનું પાલન ભીલ કુટુંબની સંયુકતતાને વધુ મજબુત બનાવે છે[9].

આમ ગુજરાતનો આદિવાસી સમાજ આર્થિક રીતે પછાત હોવાથી સામાજિક–આર્થિક હાડમારીઓ અને મુશ્કેલીઓને પહોંચી વળવા કુટુંબના સભ્યો અને સગાસંબંધીઓએ એક બીજા પર આધારીત રહેવું પડે છે. આવી આધારીતતાની પરિસ્થિતિ તેમને એક બીજા સાથે જોડી રાખે છે. જેને કારણે અન્ય સમાજોની તુલનામાં આદિવાસી કુટુંબોમાં સંયુકતતાની માત્રા વધુ છે. અને સભ્યો વચ્ચેની પારસ્પારીક અપેક્ષા અને ફરજના બંધનો પ્રમાણમાં વધું મજબૂત છે.

## સંદર્ભ સૂચી


1. I.P.Desai, Some aspect of family in Mahuva, Asia publishing house, Bombay, 1964, PP- 23.
2. Shah A.M, The Household Dimension of the Family in India, Orient Longman Limited, 1973, PP-107-108.
3. પંડયા ગૌરીશંકર, વારલી જાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, ૧૯૯૨, પૃષ્ઠ–૭૩.
4. Joshi Satyakam, "Gamit", (Sachchidanda and R.R.Prasad), Encyclopaedic Profile of Indian tribes, (Gamit- Satyakam Joshi), Discovery Publications House, New Delhi, 1998, PP-268.
5. ભટ્ટ અરવિંદ, ૧૯૮૫, ગુજરાતના ચૌધરીઓ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પૃષ્ઠ–૩૦૮.
6. Vyas Kailash, Tribals in non tribal setting, A Sociological study, Veer Narmad uni, Surat, 1979, PP-308.
7. જોષી વિદ્યુત, ૧૯૮૩, આપણ ગુજરાત છે,દોસ્તો ! સેન્ટર ફોર સોસીયલ સ્ટડી, સુરત, પૃષ્ઠ–૭૨–૭૩.
8. એજન, ગૌરીશંકર પંડયા, ૧૯૯૨, પૃષ્ઠ– ૨૧૦–૨૧૧.
9. વસૈયા ભરત, ભીલ જાતિમાં આવેલું સાંસ્કૃતિક પરિવર્તન (પંચમહાલ અને દાહોદ જિલ્લાના સંદર્ભમાં)(હસ્તપ્રત, ગુરૂશોધ નિબંધ), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૨૦૦૫, પૃષ્ઠ–૧૧૯.